2. બાલ્કની તેમજ અપર કલાસમાં ખુરશીઓની વચ્ચે પેસેજ લાઇટો ચાલુ કન્ડીશનમાં રાખવી જેથી ઇમરજન્સીમાં પ્રેક્ષકો એકઝીટ તરફ સહેલાઇથી અને જલ્દીથી બહાર જઇ શકે.
3. પેસેજ, લોબી, એકઝીટ તથા સ્ટેરકેશ લાઇટો શો શરૂ થતાં થી શો પૂરો થતાં સુધી ચાલુ રહે તેવી કડક સૂચનાં ઓપરેટરોને આપી તેનો ચુસ્ત અમલ કરવો.
4. પ્રોજેકટ રૂમમાંથી પ્રેક્ષકોને ઇમરજન્સી વખતે જાણ કરવા માટે વિધુત તથા બેટરીથી ચાલતી પબ્લીક એનાઉન્સ સીસ્ટમ રાખી કાર્યરત રાખવી.
5. ફાયર ફાઇટીંગનાં તમામ સાધનો સ્ટાફ દ્વારા ઉપયોગ થઇ શકે તે માટે તાલીમ આપાવવી તથા સાધનો કાર્યરત રાખવા અને દર વર્ષે રીન્યુઅલ વખતે સાધનો વર્કીંગકન્ડીશનમાં છે તે બાબતે વેપારીનું સર્ટીફીકેટ રજૂ કરવું.
6. સ્ક્રીનની બન્ને બાજુએ એક એક નંગ વોટર સી.ઓ.ટુ. ટાઇપ ફાયર એક્ષ્ટીંગયુઝર્સ રાખવા તથા બન્ને બાજુમાં સુકી રેતીની ભરેલી ત્રણ ત્રણ ડોલ રાખવી.
7. અપર કલાસમાં બન્ને બાજુમાં એક એક વોટર સી.ઓ.ટુ. ટાઇપ ફાયર એક્ષ્ટીંગયુઝર્સ રાખવા.
8. બાલ્કનીમાં બન્ને બાજું એક એક વોટર સી.ઓ.ટુ. ટાઇપ ફાયર એક્ષ્ટીંગયુઝર્સ રાખવા.
9. પ્રોજેકટ રૂમમાં પાંચ કે.જી.નું ડીસીપી ફાયર એક્ષ્ટીંગયુઝર્સ નંગ-૦૧, ૪૫ કે.જી.ની ક્ષમતા વાળુ સી.ઓ.ટુ. ફાયર એક્ષ્ટીંગયુઝર્સ નંગ-૦૧ તથા સુકી રેતીની ભરેલી ડોલ નંગ-૦૩ રાખવી.
10. ઇલેકટ્રીક પેનલ પાસે પાંચ કે.જી.નું ડીસીપી ફાયર એક્ષ્ટીંગયુઝર્સ નંગ-૦૧ તથા સુકી રેતીની ભરેલી ડોલ નંગ-૦૩ રાખવી.
11. એકઝીટનાં દરવાજાની ઉપરની લાઇટો કાર્યરત રાખવી તથા લાલ અક્ષરે **EXIT** લેટરીંગ પ્રેક્ષકો વાંચી શકે તે રીતે પેઇન્ટીંગ કરવું.
12. સ્ક્રીનની બન્ને બાજુ એક એક ફાયર હાઇડ્રન્ટ વાલ્વ મૂકી પાણીનું પ્રેસર મળી રહે તેવી વ્યવસ્થા કરવી.
13. પાણીની ટાંકી આગ બુઝાવવા માટે કાયમી ધોરણે ભરેલી રાખવી.
14. દરેક ફાયર હાઇડ્રન્ટ વાલ્વ પાસે હોઝ બોક્ષમાં ૬૩ એમ.એમ. ડાયામીટર તથા ૧૫ મીટરની લંબાઇની હોઝ પાઇપ તેમજ બ્રાન્ચ પાઇપ નંગ-૦૧ મૂકવી.
15. ફાયર હાઇડ્રન્ટ લાઇનમાંથી ૩૦ મીટરની લંબાઇ વાળી તથા ૧૯ એમ.એમ. ડાયામીટરની હોઝરીલ સિનેમા ગૃહનાં વચ્ચેનાં ભાગે જરૂરી સ્ટેન્ડમાં પ્રેક્ષકોને અડચણ રૂપ ના થાય તેવી રીતે ફીટ કરવી.
16. પ્રોજેકટ રૂમમાં રબર હેન્ડ ગ્લોઝ તથા આગ બુઝાવવાનાં સાધનો કાર્યરત રાખવા. ફસ્ટ એઇડ બોક્ષ દવા સાથે રાખવું.
17. દરેક ડોર કીપર પાસે ઇમરજન્સી ટોર્ચ (બેટરી) રાખવી.
18. ઇમરજન્સીમાં ફાયર બ્રિગેડ ખાતાને ફોનથી જાણ કરવા માટે ફોનની વ્યવસ્થા કરવી તથા સદર ઇમરજન્સી નંબરો સરળતાથી જોઇ / વાંચી શકાય તે રીતે પેઇન્ટીંગ કરાવવું.
19. આગ સલામતી માટે મુંબઇ સિનેમા એકટમાં જે જોગવાઇઓ કરેલી છે તેનાં નિયમોના આધારે સુવિધાઓ કરવાની રહેશે.
20. ઇમરજન્સી માટે ફાયર બેલની વ્યવસ્થા રાખવી.
21. **EXIT** નાં તમામ દરવાજા ઇમરજન્સી માટે ખુલ્લા રાખવા.
22. ફાયર હાઇડ્રન્ટ લાઇનમાંથી પાણીનું પ્રેસર પુરતા પ્રમાણમાં મળે તે માટે પાણીની ટાંકી કાયમી ધોરણે ભરેલી રાખવી તથા પુરતી ક્ષમતા વાળી ફાયર પંપ સાથે જોડાણ કરીને રાખવી.
23. સ્ક્રીન-૧ ની બાજુમાંથી ઇમરજન્સી એકઝીટનું પ્રોવીઝન કરવાનું રહેશે.

ચીફ ઓફિસર (ફાયર)
મહાનગરપાલિકા
વડોદરા

